૨૫૨ ૪-૨

નં.વિજાક/બો.નિ/ ૨૦૧૬-૧૭/ ૯૮૨
નિયામક, વિકસતીજાતિ કલ્યાણ ખાતુ,
બ્લોક નં.૪/૩.ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર
ફોન નં.૨૩૨૫૩૨૪૫ થી ૫૩,ફેક્સ નં.૨૩૨૫૩૨૪૬
E.MAIL ; dire-dcw@gujarat.gov. in
તા.૧૫ / ૧૦ / ૨૦૧૬

પ્રતિ,
(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર
(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર
(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગર
(૪) મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

વિષયઃ ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જયંતિની ઉજવણી નિમિતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમોના લાભાર્થી માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીના તા.૧૪/૧૦/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૬/૩૮/અ.૧ (આ સાથે સામેલ છે) થી ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જયંતિની ઉજવણી નિમિતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમોના લાભાર્થી માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવાનું ઠરાવેલ છે.

સરકારશ્રીના સદરહુ ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ કલ્યાણકારી યોજનાનો લાભ આપના નિગમના બધાજ લાભાન્વિત લાભાર્થીઓને મળી રહે તે હેતુસર સરકારશ્રીની આ યોજનાને આપના નિગમ ધ્વારા બહોળી પ્રસિધ્ધિ આપી લાભાર્થીને વ્યાજમાફી આપી, લોન વસુલાતની કામગીરી ઝુંબેશના સ્વરૂપે હાથ ધરી સરકારશ્રીની આ યોજનાનો અસરકારક અમલ કરવા વિનંતી છે.

આપનો,

બિડાણ - ઉપર મુજબ

(નરેન્દ્ર ગુરુંગ)
સંયુક્ત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ
ગુજરાત રાજય, ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**
અધિક સચિવશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતીસહ.

ડો.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫મી
જન્મજયંતિની ઉજવણી નિમિત્તે વિકસતી જાતી
કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમોના લાભાર્થી
માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના અન્વયે
વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૦૨૦૧૬/૩૮/અ૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૪/૧૦/૨૦૧૬

**વંચાણમાં લીધાઃ-** (૧) આ વિભાગનો તા.૨૪/૮/૨૦૧૫નો ઠરાવ ક્- અવક/૧૪૨૦૧૫/૧૩૧૭૦૧/જ.

(૨) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ.નો તા. ૨૯/૬/૨૦૧૬નો પત્ર ક્રમાંક-ગુઅસંનાવિનિલી-હસબ-વનટાઇમ સેટલમેન્ટ-માહિતી-૧૬-૧૭-૨૦૫૬

(૩) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૩૦/૬/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ- પવવિનિ/વસુ/૨૬૨૧/૧૬

(૪) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો તા.૧૧/૮/૨૦૧૬નો પત્ર ક- ગુઠાકોવિનિ/સેટલમેન્ટ/૧૬-૧૭/૧૭૦૪

(૫) ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો તા ૭/૫/૨૦૧૫નો પત્ર ક- ગુગોવિનિલિ/હસબ/૪૯૭૭-૭૮/૨૦૧૫

**આમુખઃ-**

વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમો, (૧) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, (૩) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ અને (૪) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા વિકસતી જાતિના તથા અલ્પસંખ્યક સમુદાયના લાભાર્થીઓને વિવિધ યોજનાઓ હેઠળ ધિરાણ કરવામાં આવે છે. આ ચારેય નિગમો દ્વારા કરવામા આવેલ ધિરાણની રકમ તથા તેના ઉપરનું વ્યાજ અને દંડનીય વ્યાજની રકમ સમય જતાં વધતાં વિકસતી જાતિના તથા અલ્પસંખ્યક જાતિના નીચલા સ્તરના આવા લાભાર્થીઓ આવી મોટી રકમ ભરવાની ક્ષમાતા ધરાવી શકતા ન હોય તેમ જણાયેલ છે. આ પ્રકારની બાકી વસુલાતનાં કારણે રકમ પરત ભરપાઇ ન થવાના કારણે નવા લાભાર્થીઓને ધિરાણ આપવાની પ્રવૃત્તિને વિપરીત અસર થાય છે.

વંચાણે લીધેલ ક્રમ – (૨) થી (૫) પરના પત્રોથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમોએ વિકસતી જાતિ અને અલ્પસંખ્યક લાભાર્થીઓને વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા વન ટાઇમ

રજાજૅજૅ,

શ્રી ગોરિંદ્રા પરશીજી (સ.ક.અ.શ્રી)

૧૪/૧૦/૧૬

સેટલમેન્ટ યોજના (One time settlement) અમલમાં મુકવા લાભાર્થીઓની યાદી સાથે દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

વંચાણે લીધેલા ક્રમ -(૨) થી (૫) ના સંદર્ભે ચારે નિગમોની દરખાસ્તમાં વન ટાઇમ સેટલમેન્ટ માટે લાભાર્થીઓની યાદી સહ નીચે મુજબની રકમ માફ કરવાની દરખાસ્ત થયેલ છે.

(રકમ રૂ.લાખમાં)

| નિગમનું નામ | લાભાર્થીઓની સંખ્યા | બાકી મુદ્દલ | બાકી વ્યાજ | બાકી દંડનીય વ્યાજ | વન ટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ માફ કરવાપાત્ર કુલ વ્યાજ (૪ + ૫) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૧,૯૮૩ | ૬૪૪.૭૯ | ૧૫૩.૭૦ | ૧૯.૫૮ | ૧૭૩.૨૮ |
| ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨,૧૭૦ | ૬૮૧.૩૯ | ૨૨૬.૭૮ | ૭૯.૫૬ | ૩૦૬.૩૪ |
| ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ | ૧૩,૩૪૩ | ૬૧૩૭.૫૬ | ૨૪૯.૩૨ | ૨૮૬૯.૬૩ | ૩૧૧૮.૯૫ |
| ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૭,૯૯૫ | ૧૪,૩૭૩.૩૨ | ૧૦,૮૭૭.૧૯ | ૨૪૩૧.૮૭ | ૧૩,૩૦૯.૦૬ |
| કુલ | **૨૫,૪૯૧** | ૨૧,૮૩૭.૦૬ | ૧૫,૫૦૬.૯૯ | ૫,૪૦૦.૬૪ | ૧૬,૯૦૭.૬૪ |

ઉપરોકત દરખાસ્ત પરત્વે સક્રિય વિચારણાને અંતે, ડો.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મ જયંતિની રાજય સરકાર દ્વારા ઉજવણી નિમિત્તે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ અને ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના નીચેની શરતોને આધિન અમલમાં મૂકવામાં આવે છે.

૧) આ યોજનાનો લાભ લેનાર અરજદારે જરૂરી વિગતો સાથે લેખિતમાં અરજી કરવાની રહેશે.

૨) આ યોજનાનો લાભ મેળવવા ઇચ્છતા લાભાર્થીઓએ એક સાથે અથવા હપ્તેથી અરજીની તારીખે બાકી મુદ્દલની રકમ તા. ૩૧/૧૨/૨૦૧૬ની મુદ્દત સુધીમાં ભરપાઇ કરવાની રહેશે અને આવી મુદ્દલની રકમ સંપૂર્ણ ભર્યેથી લાભાર્થીના ખાતામાં ચઢેલ વ્યાજ તથા દંડનીય વ્યાજની રકમ માફ કરી તેનું ખાતું

સરભર કરવાનું રહેશે.

૩) રાજય સરકારની આ યોજના અંગે નિગમ દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે અને યોજનાનો લાભ અને વસૂલાત ઝુંબેશના સ્વરૂપે હાથ ધરવાની રહેશે.

૪) સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર જે લાભાર્થીએ નિગમના લોનના હપ્તાની સમયસર પરત ચૂકવણી કરેલ હોય તેઓને જ સબસીડી મળવાપત્ર થાય છે, જેથી આ યોજનાનો લાભા લેનાર લાભાર્થીઓને સબસીડીને રકમ મજરે મળવાપત્ર થશે નહીં.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૨૫/૦૯/૨૦૧૬ થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
સરકારના અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબમુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (ના.વિ).ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ..ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સાન્યા), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલયાણ ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાધીનગર .
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, જુના સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, જુના સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, જુના સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, જુના સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.